# ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં ગાંધીનગર કેન્દ્રનુ ૮૬.૬૮ ટકા પરિણામ

## જિલ્લાનુ પરિણામ ૭૯.૦૮ ટકા માત્ર ૮ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડમાં સ્થાન : શહેરની આર સી પટેલ સ્કુલની બે જોડીયા વિદ્યાર્થીનીઓએ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો : એન કે સ્કુલ ઓફ કોમર્સ તેમજ સેન્ટ ઝેવિયર્સના એક એક વિદ્યાર્થીનો પણ એવન ગ્રેડમાં સમાવેશ

ગાંધીનગર તા ૧૫

ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર થયુ હતુ. જયારે આ પરીક્ષાના પરિણામના અંતે ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ ૮૬.૬૮ ટકા આવ્યુ હતુ. આ ઉપરાંત જિલ્લાનુ પરિણામ ૭૯.૦૮ ટકા આવ્યુ છે. જિલ્લામાંથી માત્ર ૮ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ મેળવ્યો છે. જયારે શહેરના ચાર વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ મેળવ્યો છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધો -૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ જાહેર કરાયુ હતુ. ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં ગાંધીનગર કેન્દ્રનુ ૮૬.૬૮ ટકા પરિણામ આવ્યુ હતુ. જયારે ગાંધીનગર જિલ્લાનુ પરિણામ ૭૯.૦૮ ટકા આવ્યુ હતુ. ગાંધીનગર ઉત્તરના કેન્દ્ર પરથી ૨૧૨૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. સામાન્ય પ્રવાહમાં સમગ્ર જિલ્લામાંથી માત્ર ૮ વિદ્યાર્થીઓને જ એ વન ગ્રેડ પ્રાપ્ત થયો છે. જેમાં સે-૨૩ કડી કેમ્પસ સ્થિત આર સી પટેલ સ્કુલની બે વિદ્યાર્થીનીઓએ પણ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. આ ઉપરાંત નગરની એન કે સ્કુલ ઓફ કોમર્સની એક વિદ્યાર્થીનીએ પણ એ વન ગ્રેડ હાંસલ કર્યો છે. જયારે શહેરની સેન્ટ ઝેવિયર્સ સ્કુલની એક વિદ્યાર્થીએ પણ ટોપર્સની યાદીમાં સ્થાન મેળવ્યુ છે. ગાંધીનગર જિલ્લામાંથી ૧૧૨૬૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.જિલ્લામાંથી ૮ વિદ્યાર્થીઓ એ વન ગ્રેડમાં પાસ થયા હતા. જિલ્લાનુ પરિણામ ૭૯.૦૮ ટકા આવ્યુ છે. ધો -૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામ બાદ આજે સામાન્ય પ્રવાહનુ પણ પરિણામ જાહેર કરી દેવાતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં હાંશકારો થયો હતો. જયારે પરિણામની ટકાવારી પણ સારી હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્સાહનુ મોજુ ફરી વળ્યુ હતુ. જો કે શહેરમાં એ વન ગ્રેડના વિદ્યાર્થીઓ પૈકી ચાર વિદ્યાર્થીઓનો જ સમાવેશ થયો હતો. બીજીતરફ મોટાભાગની શાળાઓમાં વિદ્યાર્થીઓએ એકાદ ગુણના અભાવે એવન ગ્રેડ ગુમાવ્યો હતો.

### શહેરની શાળાઓનુ પરિણામ

| શાળાનુ નામ | બેઠા | પાસ | ટકાવારી |
|---|---|---|---|
| માઉન્ટ કામેલ હાઈસ્કુલ | ૬૭ | ૬૭ | ૧૦૦ |
| એન કે સ્કુલ ઓફ કોમર્સ | ૨૮૬ | ૨૭૯ | ૯૭.૫૫ |
| આર સી પટેલ સ્કુલ | ૨૨૪ | ૨૧૬ | ૯૬.૪૧ |
| સેન્ટ ઝેવિયર્સ | ૫૬ | ૫૩ | ૯૪.૬૪ |
| આર જી પટેલ કન્યા શાળા | ૨૭૧ | ૨૫૬ | ૯૪.૪૬ |
| આરાધના વિદ્યાવિહાર | ૧૮૩ | ૧૭૦ | ૯૨.૮૯ |
| પ્રતાપસિંહજી હીન્દી | ૪૫ | ૪૧ | ૯૧.૧૧ |
| સે-૨૩ એમ બી પટેલ | ૧૨૬ | ૧૧૧ | ૮૮.૧૦ |
| મહાત્મા ગાંધી વિદ્યામંદિર | - | - | ૮૬ |
| શ્રી સ્વામિનારાયણ હાઈ | ૬૦ | ૧૧ | ૮૧.૬૭ |

### એન કે સ્કુલ ઓફ કોમર્સની માનસી ઠક્કરના મતે શિક્ષણની સાથે સત્સંગ પણ અનિવાર્ય

**માનસીએ આગળ સી એમાં અભ્યાસ કરવો છે : શાળાના રાજેશ દરજી વિદ્યાર્થીઓ પ્રત્યે વિશેષ ધ્યાન આપી શિક્ષણ માટે પ્રોત્સાહીત કરે છે**

ગાંધીનગર તા ૧૫

શહેરની એન કે સ્કુલ ઓફ કોમર્સની વિદ્યાર્થીનીએ એ વન ગ્રેડમાં સ્થાન મેળવ્યુ છે. માનસી ઠક્કરના જણાંવ્યા મુજબ શાળાના શિક્ષકોનુ માર્ગદર્શન અને મહેનત રંગ લાવી છે. જયારે સારા પરિણામ પાછળ સ્વામિનારાયણ ભગવાનની ભકિત પણ માર્ગદર્શક બની છે. માનસીને હવે આગળ સી એ માં અભ્યાસ કરવો છે. ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં શહેરમાંથી માત્ર ચાર વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ હાંસલ કર્યો છે. જયારે આ પૈકી ત્રણ વિદ્યાર્થીનિઓ છે. જેમાં શહેરની એન કે સ્કુલ ઓફ કોમર્સની માનસી ગૌરવભાઈ ઠક્કરે પણ ૬૩૧ ગુણ સાથે ટોપર્સમાં સ્થાન મેળવ્યુ છે. માનસીના પિતા ડો ગૌરવભાઈ ઠક્કર કોલવડા આર્યવેદિક હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર છે. જયારે માતા રાજશ્રીબેન પણ ડોકટર છે. હાલ હાઉસ વાઈફ છે. માનસી જણાવે છે કે શાળામાં અભ્યાસ કરવાની પધ્ધતિ ખુબ જ અસકરાક છે. શાળાના શિક્ષક રાજેશ દરજી સતત વિદ્યાર્થીઓ તરફ ધ્યાન આપે છે. શાળામાં જે ભણાવે તે ઘરે જઈને રીવીઝન કરી લેવુ પણ અનિવાર્ય છે. શાળાના શિક્ષકો અભ્યાસની મુંઝવણ પણ દુર કરવા માટે સદાય તત્પર રહે છે. આગળ હવે માનસીએ સી એ માં અભ્યાસ કરવો છે. સ્વામિનારાયણ ભગવાનમાં અતુટ શ્રધ્ધા ધરાવતી માનસીને સત્સંગ સભામાંથી પણ રોજબરોજ નવુ શિખવા મળે છે. હાલ કોરોના કાળમાં સમય બગડે નહીં તે માટે ઓનલાઈન વર્ગો શરૂ કરાયા છે. જે સારી બાબત છે.



### કડી કેમ્પસમાં આર સી સ્કુલમાં અભ્યાસ કરતી બે જોડીયા દીકરીઓએ એ-વન ગ્રેડ હાંસલ કર્યો

**વિસનગરા નાગર પરિવારની આ બન્ને દિકરીઓ પિતાનુ સ્વપ્ન સાકાર કરવા હવે ભાઇની જેમ સી એ માં આગળ અભ્યાસ કરશે : ખુશી મુન્શીને કાર્ટુન ચિત્રો દોરવાનો અનહદ શોખ : ખુશાલીને વાંચન કરવાનુ પસંદ છે : ભાઇ તિર્થ મુન્સી પણ સીએમાં અભ્યાસ કરે છે**

ગાંધીનગર તા ૧૫

ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં સમગ્ર જિલ્લામાંથી માત્ર ૮ જ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ હાંસલ કર્યો છે. જયારે નગરની આર સી પટેલ સ્કુલમાં અભ્યાસ કરતી નાગર પરિવારની બે જોડીયા દિકરીઓએ ટોપર્સની યાદીમાં સ્થાન મેળવી સમાજ અને શાળાને ગૌરવ અપાવ્યુ છે. આ બન્ને તેજસ્વીઓને પિતાનુ સ્વપ્ન સાકાર કરવા માટે સી એમાં અભ્યાસ કરવો છે.



ખુશી મુન્શી



ખુશાલી મુન્શી

ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં સે-૨૩ સ્થિત કડી કેમ્પસની આર સી પટેલ સ્કુલની બે વિદ્યાર્થીનીઓએ એ વન ગ્રેડમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે. શાળામાં અભ્યાસ કરતી આ જોડીયા બહેનો અભ્યાસમાં નાનપણથી જ તેજસ્વી છે. વિસનગરા નાગર પરિવારની આ બન્ને દિકરીઓએ ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કરીને શાળાનુ તેમજ સમાજનુ ગૌરવ વધાર્યુ છે. સે-૪ એ માં રહેતા શૈલેષભાઈ મુન્સીની દિકરી ખુશાલી મુન્શીએ ૭૦૦ માંથી ૬૩૩ ગુણ પ્રાપ્ત કર્યા છે. તેમના પિતા શૈલેષભાઈ જી આઈ ડી સી માં એકાઉન્ટ ઓફિસર છે. જયારે માતા બિનલબેન હાઉસ વાઈફ છે. આ બન્ને તેજસ્વીનીઓએ જણાંવ્યુ હતુ કે પિતાની ઈચ્છા સી એ થવાની હતી. પરંતુ તે સમયમાં આર્થિક સંકડામણના લીધે આ ક્ષેત્રમાં અભ્યાસ થઈ શકયો ન હતો. જયારે હવે આ બન્ને વિદ્યાર્થીનીઓ પિતાનુ સ્વપ્ન સાકાર કરવા આગળ સી એમાં અભ્યાસ કરવા માંગે છે. તેમને પણ સી એ બનવુ છે. તેમનો મોટો ભાઈ તિર્થ મુન્શી પણ હાલ સી એ માં અભ્યાસ કરે છે. ખુશી મુન્શીએ પણ ૬૩૪ ગુણ સાથે એ વન ગ્રેડ હાંસલ કર્યો છે. આ બન્ને તેજસ્વીનીઓ તેમના સારા પરિણામ માટે માતા પિતા તરફથી મળતા પ્રોત્સાહન ઉપરાંત શાળાના બધા શિક્ષકો અને એકાઉન્ટ વિષયના વિનોદ રામભાઈ પટેલ સર તેમજ ઈકોનોમિકસના કેદકીબેન પટેલને પણ યશ આપે છે. શાળામાં ટોપ બેચ માટે એકસ્ટ્રા વર્ગો પણ અસરકારક પુરવાર થયા છે. જયારે ટયુશનના શિક્ષક ઉમાબેન ખત્રીનુ માર્ગદર્શન પણ ખુબ જ ઉપયોગી થયુ હોવાનુ પણ જણાંવે છે. ખુશાલીને વાંચનો શોખ છે. તારક મહેતા સિરિયલ જોવી ખુબ જ ગમે છે.જયારે પોતાની જુડવા ટવિન સિસ્ટર ખુશીને ડ્રોઈંગનો અનોખો શોખ છે. તેણીને કાર્ટુન ચિત્રો દોરવા પસંદ છે. ખુશીએ સ્ટેટ વિષયમાં ૯૭ જયારે ખુશાલીએ ઈકોનોમિકસમાં ૯૭ ગુણ પ્રાપ્ત કર્યા છે. સારા પરિણામ માટે મહેનત કરવી અનિવાર્ય છે. જયારે હાલની કોરોનાની મહામારીએ દેશ દુનિયાને ઘણુ બધુ શીખવ્યુ છે. ત્યારે દરેક પરિસ્થિતિમાંથી માણસે શીખ લેવી જોઈએ તેમ પણ આ તેજસ્વી વિદ્યાર્થીનિઓએ જણાંવ્યુ છે.

### યથાર્થની આગળ સી.એ.માં અભ્યાસ કરવાની ખેવના

**સેન્ટ ઝેવિયર્સ સ્કુલનો યથાર્થ રોજ ૨૯ કી મી અપડાઉન કરતો હતો : ઓનલાઇન શિક્ષણ વન સાઇડ લાગે છે : યથાર્થ**

ગાંધીનગર તા ૧૫

નગરની સેન્ટ ઝેવિયર્સ શાળાના યથાર્થ સુથારને આગળ સી એ માં અભ્યાસ કરવો છે. યથાર્થ દહેગામથી રોજ ૨૯ કી મીનુ અપડાઉન કરી શાળામાં શિક્ષણ અર્થે આવતો હતો. શાળાના શિક્ષકો તેમજ તેના પરિવારજનોના માર્ગદર્શનના લીધે તેણે ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કર્યુ છે.



ગાંધીનગરની સેન્ટ ઝેવિયર્સ શાળાના યથાર્થ સુથારને પણ આગળ સી એમાં અભ્યાસ કરવો છે. યથાર્થ દહેગામમાં રહીને નગરની સેન્ટ ઝેવિયર્સ શાળામાં અભ્યાસ કરે છે. તેણે ૬૩૬ ગુણ પ્રાપ્ત કર્યા છે. જયારે દહેગામથી રોજ ૨૯ કી મી અપડાઉન કરીને સતત અભ્યાસમાં ધ્યાન આપી તેણે આ સારુ પરિણામ મેળવ્યુ છે. આગળ સી એ માં અભ્યાસ કરવા ઉત્સુક યથાર્થને ટ્રાવેલીંગ અને વાંચનનો શોખ છે. પિતા પ્રદિપભાઈ અને દાદા અરવિંદભાઈ પણ સતત પ્રોત્સાહીત કરે છે. તેના મતે ઓનલાઈન શિક્ષણ વન સાઈડ થઈ જાય છે. ઈન્ટરેકશન થતુ નથી જેના લીધે વાતાવરણનુ શિક્ષણ પણ ઉભુ થતુ નથી. ધો-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં જિલ્લામાંથી માત્ર ૮ જ વિદ્યાર્થીઓ એ વન ગ્રેડમાં ઉત્તિર્ણ થયા છે. જયારે આ પૈકી એક વિદ્યાર્થી નગરની સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલનો છે. આ બદલ શાળાએ તેમજ શિક્ષકોએ પણ ગૌરવની લાગણી વ્યકત કરી છે. યથાર્થના પરિવારજનોએ પણ તેની સિધ્ધિને બિરદાવી આગળ વધુ ઉજ્જવળ કારકીંદી બનાવે તેવી આશા વ્યકત કરી છે.

## આજે જિલ્લા આયોજન મંડળની બેઠક વિડીયો કોન્ફરન્સથી યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા આયોજન મંડળની પહેલીવાર વિડીયો કોન્ફરન્સના માધ્યમ થકી આજે બેઠક મળશે.

ત્રણ મહિના જેવા વિલંબ બાદ જિલ્લા આયોજન મંડળની બેઠક રાજયના મહેસુલ મંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રી કૌશિકભાઈ પટેલના અધ્યક્ષપદે આ બેઠક મળશે. આ માટે શહેરમાં ત્રણ સ્થાનો પર અને જે તે તાલુકા વિકાસ અધિકારીઓ જે તે તાલુકા મથકેથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી આ બેઠકમાં હાજરી આપશે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, જિલ્લા કલેક્ટર કચેરી ખાતે અધિકારીઓ અને પદાધિકારીઓ વિડીયો કોન્ફરન્સમાં બેસશે જયારે પ્રભારી મંત્રી અને મહેસુલ મંત્રી સ્વર્ણિમ સંકુલના તાપી હોલથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડાશે.

કોરોના સંક્રમણને લઈ બેઠક બોલાવવામાં વિલંબ થયો છે કારણ કે માર્ચમાં જ લોકડાઉન અમલી બન્યુ હતુ આ પછી હમણાં અનલોક-૧ અમલમાં આવતાં તાબડતોબ આ બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે.

આ બેઠકમાં વિકાસના કામોની સમીક્ષા કરવા ઉપરાંત ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦માં મંજૂર થયેલા કામોમાં ફેરફાર તેમજ સ્થળ ફેરફાર સહિતની બાબતોના નિર્ણય લેવામાં આવશે.

આ બેઠકમાં જિલ્લા આયોજન મંડળ દ્વારા આ વર્ષમાં હાથ ધરવાના અંદાજે રૂ. ૭૨૦ લાખથી વધુના કામોને બહાલી આપવામાં આવશે. જિલ્લા આયોજન મંડળ દ્વારા વિકાસના કામોને મંજૂરી અપાયા બાદ તે ઝડપથી હાથ ધરવામાં આવશે જેથી જિલ્લામાં વિકાસ કામો વેગીલા બનશે તેવુ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. જિલ્લા તંત્રમાં જિલ્લાકક્ષાની બેઠક પહેલીવાર વિડીયો કોન્ફરન્સથી આયોજિત થઈ રહી હોવાથી તંત્ર દ્વારા આ અંગેની તૈયારીઓ પણ પૂરજોશમાં ચાલી રહી છે.





ગાંધીનગરના હાર્દ સમા ઘ-માર્ગ ઉપર આવેલી કલેકટર કચેરી, મહાનગરપાલિકા, કોર્ટ સંકુલ અને સહયોગ સંકુલમાં વાહન પાર્કિંગ કરવું એ પણ એક સમસ્યા બની ગઈ છે. આજે ગાંધીનગરના સહયોગ સંકુલ ખાતે ફરજ બજાવતા કર્મયોગી માટે જ સંકુલમાં વાહન પાર્ક કરવા માટેની જગ્યા નથી. જેના કારણે તેઓ પોતાનું વાહન ઘ-રોડ ઉપર અથવા સંકુલ નજીક આવેલા ડિવાઈડર ઉપર વાહન પાર્ક કરે છે. આ વાહન પાર્ક કર્યા બાદ કર્મયોગીને શાંતિ નથી. પછી ગાંધીનગરમાં સુચારુ રીતે ટ્રાફિકની સમસ્યાને હલ કરતી પોલીસની ગાડી આવી લોકોને વાહનો હટાવી દેવા માટેનું સૂચના આપે છે. હવે આપ જ કહો કર્મચારી નોકરી કરે કે પોતાના વાહનને ક્યાં પાર્ક કરવું એના માટે ફરે.... બસ હવે તો ચાલતા જવું જ એ જ ઉત્તમ માર્ગ છે...

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ નવ કેસ

## સારવાર દરમ્યાન વધુ બે દર્દીના મોત : ૧૩ હજારથી વધુ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ : ગાંધીનગરમાં ૨, દહેગામ-માણસામાં ૧-૧ તો કલોલમાં ૫ કેસ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ નવ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. આજે વધુ બે દર્દીઓના સારવાર દરમ્યાન મોત પણ થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૨૫ પર પહોંચી છે. રાંચરડાના ૬૨ વર્ષીય દર્દીના અવસાન પછી આજે કલોલના એક ૮૩ વર્ષીય વૃદ્ધનું પણ સારવાર દરમ્યાન મોત નીપજ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે આ વૃદ્ધને ૧૪ મી તારીખે ગાંધીનગર સિવિલમાં દાખલ કરાયા હતા અને ગઈકાલે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. આજે સારવાર દરમ્યાન તેમનુ મોત નીપજ્યુ છે.

જિલ્લામાં સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓમાં ગાંધીનગરના ૭, દહેગામના ૫, માણસાના ૧ અને કલોલના ૧૨ દર્દીનો સમાવેશ થાય છે.

કલોલ અર્બન અને ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના દર્દી પણ વધુ નોંધાયા છે અને મૃત્યુ પણ વધુ થયા છે. જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કોરોના ઉપરાંત અન્ય બિમારીથી પિડીત દર્દીઓના મોત વધુ થયા છે. જિલ્લામાં ૮ ટકાથી વધુ દર્દીઓના મોત થતાં તંત્રમાં ચિંતા વધવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે જે કેસો નોંધાયા છે તેમાં ગાંધીનગર તાલુકામાં ૨, દહેગામ અર્બનમાં એક અને કલોલમાં ૫ કેસ મળ્યા છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ અર્બન ૧ માંથી ૨ અને કલોલ અર્બન-૨ ના વિસ્તારમાંથી ૩ દર્દી મળ્યા છે. આજે મળેલા દર્દીઓમાં ૩ દર્દીઓ ૬૦ થી વધુ વય ધરાવે છે.

કલોલમાં આજે મળેલા તમામ દર્દીઓ પુરૂષ દર્દી છે અને તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

કલોલ આરોગ્યતંત્ર સતર્ક બની ગયુ છે અને તેણે આ રોગનું સંક્રમણ અટકે તે માટે વિવિધ જાતિ અને સમુદાયો સાથે બેઠકો યોજી લોક-જાગૃતિ વધે તે દિશામાં પ્રયાસો હાથ ધર્યા છે તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવા અને માસ્ક ફરજીયાત પહેરવા તેમજ સર્વેલન્સમાં તંત્રને સહકાર આપવા પર ભાર મુકયો છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામ-અર્બન વિસ્તારમાં નોંધાયેલ દર્દી અમદાવાદ ખાતે રેલવેમાં ખાનગી કર્મચારી તરીકે ફરજો બજાવે છે અને સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્ર દ્વારા અહિ તેના પરિવારના સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

માણસા તાલુકામાં આજે ૩૯ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ યુવાને આરોગ્ય વિભાગના પરિપત્ર મુજબ લેખિતમાં બાંહેધરી આપતાં તેને હોમ આઈસોલેશનમાં રાખવાની મંજૂરી આપવામાં આવી છે.આ યુવક વ્યવસાયે ખેતીકાર્ય કરે છે.

ગાંધીનગર તાલુકામાં સુઘડ ગામે એક ૪૩ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ યુવક પી.ડી.પી.યુ. રોડ પર પોતાની ખાનગી ઓફિસ ધરાવે છે. યુવક બે વખત અન્ય બિમારી અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ ગયો હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત સરગાસણની એક ૨૩ વર્ષીય યુવતીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલ કેસોમાંથી આજે વધુ ૧૪ દર્દી રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જેમાં કલોલ તાલુકાના ૭ દર્દીનો સમાવેશ થાય છે. મળતી વિગતો પ્રમાણે આજે જે ૧૪ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે તેમાં ૧૦ પુરૂષ અને ૪ મહિલા દર્દી છે.

જિલ્લામાં હાલ ૧૩,૧૯૯ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. જેમાં ૧૩૧૦૫ લોકો હોમ ક્વોરોન્ટાઈન છે તો ૬૧ લોકો ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં છે અને ૩૩ લોકો પ્રાઈવેટ ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં છે.

જિલ્લામાં તંત્ર દ્વારા અત્યાર સુધીમાં ૩૨૫૯ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જિલ્લામાં વધતા જતા દર્દીઓના મોતની સંખ્યાએ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. તંત્રએ ગ્રામીણ વિસ્તારમાં સઘન સર્વેલન્સની સૂચનાઓ જારી કરી છે.

## શહેરમાં વધુ ૬ કેસ

### સે. ૫-બી માંથી પિતા-પુત્ર તો સે. ૩-સી, ૪-સી, સે. ૨૧ અને સે. ૨-સી માંથી પણ કોરોનાના કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૬ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૬૨ થવા પામી છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે મહાનગરપાલિકાનું તંત્ર સતર્ક બન્યુ છે અને સઘન સર્વેલન્સની કામગીરીના આદેશો આપ્યા છે. આ ઉપરાંત સોશિયલ ડિસ્ટન્સીંગ અને માસ્ક પહેર્યા વિના નીકળતા લોકો સામે દંડનીય કાર્યવાહી પણ સઘન રીતે હાથ ધરવાની સૂચનાઓ આપી છે.

મળતી વિગતો પ્રમાણે આજે સે. ૩-સી, સે. ૨૧, સે. ૪-સી, સે. ૨-સી અને સે. ૫-બી માંથી આ કેસો મળી આવ્યા છે. તંત્રએ આજે મળેલા દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યા છે.

શહેરમાં વધતા જતા કેસો એ તંત્રની ચિંતા છે અને તેમાં પણ ૬૦ થી વધુ વયના દર્દીઓ જે રીતે મળી રહ્યાં છે તેથી પણ ચિંતામાં વધારો થયો છે. જો કે શહેરમાં લોકલ ટ્રાન્સમિશનથી જ કેસો મળી રહ્યા હોવાનું તંત્રનું માનવુ છે.

સે. ૩-બી માંથી એક ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી અમદાવાદ શહેરના સાબરમતી વિસ્તારમાં ગેરેજની દુકાન

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com